# માણસા તાલુકામાં પંચાયતના પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખ સરોજનબેન ઠાકોરે સંભાળ્યો

ગાંધીનગર, તા.૧૭

માણસા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકેનો ચાર્જ સરોજબેન ઠાકોરે આજે વિધિવત રીતે સંભાળી લીધો છે અને તેમણે આ નવા હોદ્દાનો ચાર્જ સંભાળતા પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર, પ્રદેશ અગ્રણી પંકજ પટેલ તેમજ તાલુકા પંચાયતના સભ્યોએ અભિનંદનની વર્ષા કરી હતી.

નામોનિર્દિષ્ટ અધિકારી દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખ સહિત ૧૦ સભ્યોને પક્ષાંતર ધારા અન્વયે ગેરલાયક ઠેરવવામાં આવતા આજે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સરોજબેન પી. ઠાકોરે પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે.

હવે નવા પ્રમુખની ચૂંટણી માટેની પ્રક્રિયા ટુંકમાં જ હાથ ધરવામાં આવશે. માણસા તાલુકા પંચાયતમાં હાલ કોંગ્રેસના ૮ સભ્યો છે અને ભાજપના ૬ સભ્યો છે.

મળતી માહિતી પ્રમાણે નવા પ્રમુખની ચૂંટણી માટે ખાસ બેઠક બોલાવવામાં આવશે. સરોજબેન ઠાકોર ધોળાકુવાની બેઠક પરથી વિજયી થયા હતા.

નામોનિર્દિષ્ટ અધિકારીના ચુકાદાની નકલ જિલ્લા અને તાલુકાના અધિકારીઓને પણ મળી જતાં તેમણે આજે સરોજબેનને ચાર્જ સંભાળવા માટેના હુકમો કર્યા હતા અને તે અન્વયે તેમણે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો.

વિધાનસભાની ચૂંટણી પૂર્વે આ તાલુકા પંચાયતના ૧૦ સભ્યો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા હવે પુનઃ સત્તા કોંગ્રેસ પાસે આવી ગઈ છે.



## સરગાસણ પ્રાથમિક શાળામાં બેટી બચાવો અંગે નાટક

ગાંધીનગર પાસેના સરગાસણ ગામે સરકારી પ્રાથમિક શાળામાં પૂર્વી સેવા ટ્રસ્ટ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત 'ફુલ ગુલાબ બાળક મારૂ' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગાંધીનગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુડા વિસ્તારમાં ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન બંધ થતા રહીશો પરેશાન.!!

### બારકોડ સ્કેન સાથે મોટા ઉપાડે ચાલુ થયેલી યોજના અપગ્રેડ થવાને બદલે ડિગ્રેડ થતા 'સ્માર્ટ સીટી' બનવા પર પ્રશ્નાર્થ : ડોર ટુ ડોર કલેક્શનને બદલે સોસાયટીમાં આવતા ગાર્બેજ કન્ટેનરનો વિકલ્પ રહીશો માટે પરેશાનીરૂપ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના ગુડા વિસ્તારો જેવા કે કુડાસણ, વાવોલ ખાતે ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન સ્કીમનું બાળમરણ થવા પામ્યું છે. એક સમયે મોટા ઉપાડે ગુડા વિસ્તારની નવવિકસીત સોસાયટીઓમાં બારકોડીંગ સિસ્ટમ સાથે પ્રારંભ કરાયેલ ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન સિસ્ટમના નામે પોરસાતા તંત્રએ સમય સાથે સિસ્ટમને વધુ અપગ્રેડ કરવાને બદલે પાછોતરાં પગલાં ભરતા આ વિસ્તારના રહીશોની પરેશાનીમાં વધારો કર્યો છે. હવે, ડોર-ટુ-ડોર કલેક્શનના બદલે સોસાયટીવાર ટ્રેક્ટર કચરો ઉઘરાવવા આવે છે. જે અમુક સોસાયટીમાં તો એટલું મોડુ પહોંચે છે કે ત્યાં સુધીમાં કેટલાક ઘરના સભ્યો પોતાના નોકરી-વ્યવસાયે જવા રવાના થઈ ચુક્યાં હોય છે. વળી, સૂકો અને ભીનો બંને કચરો હવે કેવી રીતે આપવો તે પણ અવઢવ સતાવી રહી છે.

ગુડા દ્વારા વાવોલ તથા કુડાસણમાં નવ વિકસિત સોસાયટીમાં ઘર દીઠ રૂ. ૩૦નો ચાર્જ ઉઘરાવી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન સિસ્ટમનો પ્રારંભ કરાયો હતો. આ સિસ્ટમમાં દરેક ઘરના દરવાજે બારકોડ સ્ટીકર પણ લગાડવામાં આવ્યા હતા. જેમાં વેસ્ટ કલેક્શન માટે આવતા કર્મચારીને આપવામાં આવેલા મોબાઈલથી સ્કેન કરી આધુનિક પદ્ધતિએ નોંધ કરવામાં આવતી હતી ત્યારે રહીશોને ખરા અર્થમાં ગાંધીનગર સ્માર્ટસીટી બની રહ્યું હોવાનો અહેસાસ થતો હતો. જો કે રહીશોનો આ આનંદ ઝાઝો ટક્યો નહોતો કારણે ટૂંકા ગાળામાં જ બારકોડ સ્કેનિંગ બંધ થઈ જવા પામ્યું હતું. જોકે બારકોડ સ્કેનિંગ બંધ થવા છતાં કચરાનું ડોર ટુ ડોર કલેક્શન નિયમિત ચાલુ રહ્યું હતુ જેથી રહીશોને હાશ હતી પરંતુ હવે તે પણ બંધ થતા નાગરિકોને સિસ્ટમ અપગ્રેડ થવાને ડિગ્રેડ થઈ રહી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર કેવી રીતે સ્માર્ટ સીટી બનશે તેવા સવાલો પણ ઉભા થવા પામ્યા છે.

ડોર ટુ ડોર કલેક્શનના બદલે હવે કચરો લેવા ટ્રેક્ટર સાથેનું ગાર્બેજ કન્ટેનર સોસાયટીમાં આવે છે અને તેની જાણ કર્મચારી દ્વારા સિસોટી વગાડીને કરવામાં આવે છે. ફ્લેટ કે એપાર્ટમેન્ટસ ધરાવતી સોસાયટીના આંતરિક માર્ગ પર કર્મચારી સિસોટી વગાડે છે પરંતુ એપાર્ટમેન્ટના બ્લોકમાં પાછળની તરફના ફ્લેટ ધરાવતા રહીશોને તેનો અવાજ પહોંચતો નથી. વળી, આ સમયે જો ઘરમાં ટીવી કે રેડિયો ચાલુ હોય તો આ સિસોટીનો અવાજ સાંભળવો મુશ્કેલ બને છે. જો સિસોટી સંભળાય તો રહીશે જાતે વાહન સુધી જઈને કચરો ગાર્બેજ કન્ટેનરમાં જાતે નાંખવો પડે છે. આ કારણે ખાસ કરીને વડીલોને ખૂબ તકલીફ પડી રહી છે. વળી, સવારનો સમય હોવાને કારણે જો ઘરમાં એકાદ મેમ્બર હોય ને તે જો ન્હાવા-ધોવાના કામમાં વ્યસ્ત હોય તો કચરો આપવાનું ચુકી જાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. એકંદરે આ નવી સિસ્ટમને કારણે રહીશોને પરેશાનીનો ભોગ બનવા સાથે છેતરાયાંની પણ લાગણી થવા પામી રહી છે.

**પતિ-પત્નિ નોકરિયાત હોય તેમની મુશ્કેલી વધી**

નવ વિકસિત સોસાયટીમાં મોટેભાગે સિંગલ ફેમિલીના કુટુંબોનો વસવાટ જોવા મળે છે. જેમાં અનેક પરિવારોમાં પતિ-પત્નિ બંને નોકરી-વ્યવસાય કરનારા છે જેઓ વહેલી સવારે નિકળી જતા હોય છે. અને બાળકો પણ શાળાએ ગયેલા હોય છે. આ કારણે તેમને કચરાનો નિકાલ કરવો સમસ્યારૂપ બની જવા પામ્યું છે.






વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ આજે એક દિવસ ગુજરાતની મુલાકાતે હતા ત્યારે આજે સવારે બંને દેશોના મહાનુભાવોએ એરપોર્ટથી લઈ ગાંધી આશ્રમ સુધી બંધ એસયુવીમાં ભવ્ય રોડ-શો યોજવામાં આવ્યો હતો. સુરક્ષાના કારણોસર મોદી અને નેતન્યાહુનો રોડ-શો બંધ એસયુવીમાં યોજાયો હતો. આઠ કિ.મી લાંબા રોડ-શો બાદ બંને મહાનુભાવો ઐતિહાસિક ગાંધી આશ્રમ ખાતે પહોંચ્યા હતા. રોડ-શો દરમ્યાન સમગ્ર રૂટમાં બંને દેશોના વડાપ્રધાનનું ભવ્યાતિભવ્ય સ્વાગત અને અભિવાદન કર્યું હતું. તો, રૂટના માર્ગોમાં વિવિધ સ્ટેજ પર લોકનૃત્યો અને પરંપરાગત સાંસ્કૃતિક ઝાંખીઓએ જોરદાર જમાવટ કરી હતી.

# રોકાણોમાં ગુજરાતના યુવાનોને મળેલી રોજગારીની વિગતો જાહેર કરો : કોંગ્રેસ

### ગુજરાતમાં ગૌરવશાળી આતિથ્ય આવકારદાયક, પરંતુ પ્રજાના પૈસે જલસા કરનાર સરકારે સ્થાનિક રોજગારી આપી નથી : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત રાજ્યની ગૌરવવંતી પરંપરા પ્રમાણે ઈઝરાયેલના વડાપ્રધાનની મહેમાનગતિ આવકાર્ય છે. પરંતુ આતિથ્યનાં નામે માત્ર શૉ બાજી કરી કરોડો રૂપિયાનું આંધણ કરનાર રાજ્ય સરકારે પ્રજાનાં પૈસે કરાયેલાં બેફામ જલસામાં વિદેશી રોકાણ અને કરારોથી રાજ્યની જનતાને ખરેખર થયેલાં લાભો અંગેની વિગતો પણ જાહેર કરવી જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ઈઝરાયેલનાં વડાપ્રધાન માટે ગુજરાતનું ગૌરવશાળી આતિથ્ય આવકારદાયક છે. પરંતુ માત્ર મહેમાન-ગતિના નામે કરોડો રૂપિયા વેડફી ભાજપ સરકારે 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે...' તેવો ઘાટ ના ઘડવો જોઈએ. ભૂતકાળમાં કોંગ્રેસ સરકારે કોઈપણ પ્રકારનાં દેખાડા કે શૉ બાજી કરવાનાં બદલે વિકાસલક્ષી રોકાણો લાવેલાં છે. જ્યારે ભાજપ સરકાર દ્વારા પ્રજાના હિતને અવગણીને માત્ર એક જ વ્યક્તિને કેન્દ્રમાં રાખી ગ્લોબ પ્રચાર-પ્રસાર કરી પ્રજાનાં પૈસે જલસા કરવામાં આવી રહ્યાં છે. ગુજરાતમાં એક તરફ માથાદીઠ દેવું છેલ્લા બે દશકામાં વધીને રૂપિયા ત્રણ લાખ જેટલું થઈ ગયું છે. ત્યારે સાત-સાત વાયબ્રન્ટ ઉત્સવો ઉજવવાથી લઈ ચીન કે ઈઝરાયેલનાં વડાપ્રધાનોની મુલાકાતોમાં અબજો રૂપિયાનું રોકાણ થયું હોવાનાં દાવા કરવામાં આવે છે.

ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, જ્યારે વાસ્તવિકતા અલગ જ હોવા છતાં માંડ માંડ જીતેલી ભાજપ સરકારને અત્યારે સત્તાની ભાગ-બટાઈમાં પ્રજા દેખાતી જ નથી. લોકસભાની આગામી ચૂંટણીઓ સુધી પ્રજાની લાગણીઓને ઉત્સવોમાં દબાવી દેવા માંગતી સરકારે યુવાનોને રોજગારી આપવાનું સૌપ્રથમ વિચારવું જોઈએ ભાજપે વાયબ્રન્ટ તેમજ ચીનથી લઈ ઈઝરાયેલના વડાપ્રધાનોની મુલાકાતોમાં ખરેખર કેટલાં રૂપિયાનું રોકાણ કર્યુ અને કેટલાં લોકોને રોજગારી આપી તેની વિગતો જાહેર કરવી જોઈએ. આ રોકાણોમાં શિક્ષિત બેરોજગારો અને સ્થાનિક યુવાનોને ક્યાંય ૮૫ ટકા રોજગારી અપાઈ નથી. ત્યારે પોતાના ખાતા-હોદ્દા માટે નારાજ થતાં ભાજપના મંત્રીમંડળે પ્રજાનાં પૈસે તાયફા કરવાનું બંધ કરી લાખો બેરોજગાર યુવાનોને તેમજ આઉટસોર્સ-કોન્ટ્રાક્ટવાળા કર્મીઓને કાયમી નોકરી આપી તેમની નારાજગી દૂર કરવી જોઈએ.

## એક્સિયો બાયોસોલ્યુશન્સ અને ઝાયડસ હોસ્પિટલે ઉત્તરાયણમાં ઈજાગ્રસ્તોને મદદ પહોંચાડી

એક્સિયો બાયોસોલ્યુશન્સ અને ઝાયડસ હોસ્પિટલો પોતાના અનોખા પગલા દ્વારા તા. ૧૪ અને તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮નાં ઉત્તારાયણનાં તહેવારોમાં પતંગથી ઈજાગ્રસ્ત લોકોને મદદ પૂરી પાડી હતી. એક્સિયો બાયોસોલ્યુસન્સે એક્સિયોસ્ટેટ નામની ફર્સ્ટ એઈડ ડ્રેસીંગ કીટ તૈયાર કરી છે. આ કીટથી માત્ર બે મિનિટમાંજ લોહી વહેતું બંધ થઈ જાય છે. એક્સિયો બાયોસોલ્યુશન્સે આ માટે ઝાયડસ હોસ્પિટલ્સ સાથે જાડાણ કર્યું હતું. આ પગલાં અન્વયે ઝાયડસની તાલીમબધ્ધ ક્લીનીકલ ટીમે અમદાવાદનાં પાંચ સ્થળો દિલ્હી દરવાજા, જવાહર ચોક, ધરણીધર, માનસી સર્કલ અને અખબારનગરમાં કિયોસ્ક ખોલીને ઈજાગ્રસ્તોને વિનામુલ્યે સારવાર પૂરી પાડી હતી.

અમદાવાદના મેયર ગૌતમ શાહે તા. ૧૪ જાન્યુઆરીનાં રોજ દિલ્હી દરવાજા કિયોસ્કને ખુલ્લુ મુક્યું હતું. આ કિયોસ્ક સવારે ૮-૩૦ કલાકે ખુલ્લુ મુકાયું હતું અને સાંજે ૬ સુધી કાર્યરત હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્તોને સ્થળ પર ઉપલબ્ધ એમ્બ્યુલન્સ ઓન કોલ દ્વારા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈજાગ્રસ્ત પક્ષીઓની પણ સારવાર કરવામાં આવી હતી.

## સેવા બેન્કે કેલિડોફિન સાથે જોડાણ કર્યું

સેવા બેન્કે તેના ગ્રાહકોને ડિજીટલ ફાયનાન્સિયલ સોલ્યુશન્સ પુરૂ પાડવા કેલિડોફીન સાથે જોડાણ કર્યું છે. કેલિડોફીન તે ઔપચારિક સેક્ટર માટેનું ફીનટેક પ્લેટફોર્મ છે કે જેનાથી સેવા બેન્કનાં ગ્રાહકોને કેલિડોફીન મોબાઈલ એપ્લીકેશન દ્વારા સમયસરની મદદ મળતી રહે છે. કેલિડોફીન મોબાઈલ એપ્લીકેશન સમગ્ર સેવા બેન્કનાં બ્રાન્ચ નેટવર્કમાં રજૂ કરવામાં આવી હતી. સેવા બેન્ક ૬,૦૦,૦૦૦થી પણ વધુ સક્રિય સભ્યોનું બ્રાન્ચ નેટવર્ક ધરાવે છે. સેવા બેન્ક-કેલીડોફીન અભિગમમાં બચત, ધીરાણ અને વીમા જેવી અનોખી ફાયનાન્સિયલ પ્રોડકટનો સમાવેશ થાય છે. ફાયનાન્સિયલ સોલ્યુશન્સમાં પ્રથમ લક્ષ્ય અને ઉડાન આપે છે, જે બાળકોનાં ઉચ્ચશિક્ષણ, મકાનનું સમારકામ અને શાળાની ફી, સિવવાના સંચાની ખરીદી, લેપટોપ કે દ્વિચક્રી વાહનો જેવી વિશેષ જરૂરિયાતોને સંતોષે છે. સેવા બેન્ક અને કેલિફોફીનનાં જોડાણથી વિશાળ ગ્રાહક સમુદાયને ટેક આધારિત ફાયનાન્સિયલ સોલ્યુશન્સ મળી રહેશે.

સેવા બેન્કનાં મેનેજિંગ ડાયરેક્ટર સુશ્રી જયશ્રી વ્યાસે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'મને વિશ્વાસ છે કે સેવા બેન્કના ગ્રાહકોને મોબાઈલ એપ્લીકેશન દ્વારા ફાયનાન્સિયલ સોલ્યુશન્સનો અનોખો અનુભવ મળશે. મોબાઈલ એપ્લીકેશન આધાર ઈ-સાઈન, ક્રેડિટ બ્યુરોઝ, મ્યુચ્યુઅલ ફંડઝ અને ઈન્સોરન્સ કંપની સાથે જોડાણ પુરુ પાડે છે.

# પાલનપુરની કોલેજમાં વિધર્મી દ્વારા છાત્રાની છેડતીની રાવ

### વિશ્વ હિન્દૂ પરિષદની વિધર્મી સામે પગલાં ભરી કોલેજમાં સી.સી. ટી.વી કેમેરા લગાવવાની માંગ

પાલનપુરની કોલેજમાં એક વિધર્મીએ હિન્દુ યુવતી પાસે અઘટિત માંગ કરી તેમજ બિભત્સ મેસેજ કરી છેડતી કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. આ અંગે તેણીએ વિશ્વ હિન્દુ પરિષદને જાણ કરતાં વિહીપના કાર્યકરો પશ્ચિમ પોલીસ મથકે દોડી ગયા હતા. અને આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરી કોલેજમાં સીસીટીવી કેમેરા લગાવવાની લેખિતમાં રજૂઆત કરી હતી.

પાલનપુરમાં લવ જેહાદની ઘટનાઓ બહાર આવી રહી છે. તાજેતરમાં હાઈવે સ્થિત એક હોટલમાંથી વિધર્મી યુવક અને હિન્દુ યુવતીને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ ઝડપી લીધા હતા. આ ઘટના બાદ હવે પાલનપુરની કોલેજમાં વિધર્મી શખ્સ દ્વારા હિન્દુ યુવતીની છેડતી કરાઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ચકચારી ઘટનાની વિગતો એવી છે કે, કોલેજમાં અભ્યાસ કરતી હિન્દુ યુવતીને વિધર્મી શખ્સ પોતાની પ્રેમ જાળમાં ફસાવવા માટે યેનકેન પ્રકારે પ્રયાસો કરતો હતો. જોકે, યુવતીએ કોઈ લક્ષ ન આપતાં આ શખ્સે તેણીને બિભત્સ એસ. એમ.એસ.કર્યા હતા. આથી સહન ન થતાં યુવતીએ પાલનપુર વિશ્વ હિંન્દુ પરિષદ પાસે મદદ માંગી હતી. ત્યારે ચોંકી ઉઠેલા વિશ્વ હિન્દૂ પરિષદના કાર્યકરો પશ્ચિમ પોલીસ મથકે દોડી ગયા હતા. અને પીઆઈ આર. કે. સોલંકીને લેખિત આપી વિધર્મી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ કોલેજમાં સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરી હતી.

# કોર્ટમાંથી નાસવાનો પ્રયાસ કરનારા આરોપીને ૩ વર્ષની સજા

### વર્ષ ૨૦૦૬ માં કોર્ટમાં પોલીસ જાપ્તામાં લવાયેલા આરોપીએ અભદ્ર વર્તન કરી પોલીસ જાપ્તામાંથી નાસવાનો પ્રયાસ કર્યો હતો

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર કોર્ટમાં અભદ્ર વર્તન કરી પોલીસને ધક્કો મારી ભાગવાનો પ્રયાસ કરવાના આઠ વર્ષ જુના કેસમાં કોર્ટે આરોપીને ૩ વર્ષની કેદની સજા ભોગવવાનો આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૯ સપ્ટેમ્બર વર્ષ ૨૦૦૬ના રોજ પોલીસ જાપ્તામાં ફરજ બજાવતા ગાંધીનગરના પોલીસ કોન્સ્ટેબલ મુસ્તાક અલી સૈયદ અલી તેમજ તેમની સાથેના ફરજ પરના જવાનો મુળ ઉત્તરપ્રદેશના રહેવાસીઆરોપી મહંમદ શાહીદ ઉર્ફે મુન્નો ઈમરાન અહેમદ શેખને અમદાવાદ સાબરમતી જેલમાંથી ગાંધીનગર કોર્ટમાં રજુ કરવા અર્થે લાવ્યા હતા.ગાંધીનગરની ૯ માં એડીશ્નલ જયુ ફસ્ટ કલાસ કોર્ટમાં રજુ કરવા માટે આરોપીને કોર્ટમાં લવાયો હતો. જયારે આ દરમિયાન કોર્ટની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે આરોપી મહંમદે ગાળો બોલવાનુ શરૂ કર્યુ હતુ. જયારે જાપ્તાની પોલીસે તેને પોલીસ વાન સુધી લઈ જવા માટે આગળ વધી હતી.પરંતુ કોર્ટના પગથિયા ઉતરતા આરોપીએ પોલીસ કોન્સ્ટેબલ મુસ્તાક અલીને ધક્કો મારી નાસ્યો હતો. પરંતુ આ દરમિયાન તેમની સાથેના જવાનોએ તેને આગળથી ઝડપી લીધો હતો. આરોપીએ ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેને લઈને કોર્ટ સંકુલ બહાર પણ દોડધામ મચી જવા પામી હતી. જયારે આ બનાવ સંદર્ભે સે-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ કોન્સ્ટેબલ મુસ્તાકભાઈએ આઈ પી સી કલમ ૩૩૨ તથા કલમ ૩૦૪ હેઠળ રાજયસેવક હુમલો તેમજ ફરજમાં વિઘ્નની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસના અંતે આરોપી સામે ગાંધીનગર કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસમાં સરકારી વકીલ વિમલ કાંટાવાલાએ આરોપીના કોર્ટ સમક્ષના આ વર્તનને ગંભીર ગણાવી દલીલો કરી હતી. આ દલીલોને ધ્યાને લઈ ચીફ જયુ મેજી ડી સી ત્રિવેદીએ આરોપી મહંમદ સાહિદ ઉર્ફે મુન્નાને આ કેસમાં ૩ વર્ષની સજા ભોગવવા માટે હુકમ કર્યો છે. વધુમાં રૂ ૧૦ હજારનો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા પણ હુકમ કર્યો છે.

## ઘનિષ્ઠ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે પરંતુ હજુ અનેક વધારે આઈની પણ જરૂર છે અને આ આઈ ક્રિએટ છે. બંને દેશો ભવિષ્યને લઈને આશાવાદી છે. બાવળા ખાતે આઈ ક્રિએટ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીએ આઈની મહત્તા સમજાવતાં જણાવ્યું હતું, આઈ મોટો છે એટલે કે, હું પણું જયારે મોટો થઈ જાય છે ત્યારે અંહકાર જાગે છે અને તે તમારા જીવનપથના વિકાસમાં બાધારૂપ બને છે. પરંતુ આઈને ઈનોવેશન તરીકે જીવનમાં વણી લેવો જોઈએ. દેશના યુવાનોને ટેકનોલોજી અને ઈનોવેશનનો મહત્તમ ઉપયોગ કરવાની શીખ આપતાં તેમણે વધુમાં જણાવ્યું કે, ભારત એ સાહસિક યુવાનોનો દેશ છે. આજના યુવાનોના સાહસથી રાષ્ટ્રનો વિકાસ થઈ શકે છે. આઈ એટલે ઈન્ટેક્ટ, આઈડિયા, ઈનોવેશન અને ઈન્ડિયાના માધ્યમથી યુવાનો પોતાના વિકાસની સાથે સાથે રાષ્ટ્રના વિકાસ નિર્માણમાં પણ યથાયોગ્ય સહભાગી બની શકે છે.

## જીપો ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલના પ્રવાસે ગયા હતા ત્યારે તેમણે ઈઝરાયલના વડાપ્રધાને તેમને આવી જીપમાંથી શુધ્ધ થયેલુ પાણી મોદીને પીવડાવ્યું હતું. નેતન્યાહુએ મુલાકાત દરમ્યાન મોદીને જણાવ્યું કે, આપણે ગયા વર્ષેઓલ્ગા બીચ પર જૂતા પહેર્યા વગર લટાર મારવા નીકળ્યા ત્યારે આ જીપ દ્વારા દરિયાનુંખારૂ પાણી મીઠુ(શુધ્ધ) કરીને પીધુંહતું.

## બાળકો મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તપાસવામાં આવેલ બાળકો પૈકી ૧૧,૭૬૭ બાળકોની તપાસ મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવી છે. ૩૦૯ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે. જે બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે તેમાં ૮૨ બાળકો બાળરોગને લગતા છે. ૩૭ બાળકોને આંખ, ૧૪૧ બાળકોને દાંતની તકલીફો જણાઈ છે તો ૧૭ બાળકોને ચામડીના રોગ અને ૨૬ બાળકોને નાક, કાન, ગળાની તકલીફો જણાઈ આવેલ છે.

તંત્ર દ્વારા ૮૩૧ જેટલી પ્રા. શાળા, મા. શાળા અને આંગણવાડી કેન્દ્રોમાં ચકાસણી પુરી કરી દેવામાં આવેલ છે. જિલ્લામાં આ વખતે હૃદયની બિમારી ધરાવતા ૧૯ બાળકો તેમજ ૬ બાળકોને કિડની અને ૨ ને કેન્સર હોવાનું જણાઈ આવતાં આરોગ્યતંત્ર દ્વારા ચકાસણીને વધુ સઘન બનાવવાના સ્પષ્ટ નિર્દેશ અપાયા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. જિલ્લામાં દાંતની તકલીફો તેમજ બાળરોગના દર્દીઓ વધુ મળી રહ્યાનું જણાયુ છે. ફેબ્રુઆરી માસ સુધી આ ઝુંબેશ ચાલવાની છે. ગતવર્ષે જિલ્લામાંથી ૧૧૭ બાળકોને હૃદયની, ૨૭ બાળકોને કીડનીની, ૬ બાળકોને કેન્સર અને ૪ બાળકો થેલેસીમીયાથી પિડાતા મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

## નંબર પ્લેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકી છે. ત્યારે આર ટી ઓ તંત્રએ આ મામલે અભિયાન હાથ ધરી વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાની કામગીરીને પણ વેગ આપવામાં આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં રોજ ૫૦૦ જેટલી નંબર પ્લેટ બનાવાય છે. આ માટે બે મશીન કાર્યરત છે. જયારે આ ઉપરાંત વાહનોના ૮ ડીલરો પણ નંબર પ્લેટ બનાવે છે. આ નંબર પ્લેટ માટે ફીની ચુકવણી બાદ ચાર દિવસમાં તૈયાર થઈ જાય છે. જયારે નંબર પ્લેટ તૈયાર થયા બાદ મેસેજથી જાણ કરી વાહનોમાં નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવે છે. ગાંધીનગરમાં પણ હજુ ઘણાં જુના વાહનોમાં નંબર પ્લેટ ફીટ કરવાની બાકી છે પરંતુ રાજયમાં અન્ય શહેરોની સાપેક્ષમાં ગાંધીનગરમાં નોંધપાત્ર કામગીરી થઈ હોવાનુ પણ આર ટી ઓ તંત્રએ જણાંવ્યુ છે. હાલમાં પણ આર ટી ઓ કચેરીમાં ૧૫૦૦ જેટલી નંબર પ્લેટ બની રહી છે. આગામી દિવસોમાં પણ નિયત સમયને ધ્યાને લઈ ૧૫ ફેબ્રુઆરી સુધીમાં તમામ વાહનોને આવરી લેવામાં આવશે. પરંતુ આર ટી ઓ કચેરીમાં નંબર પ્લેટ માટે ની ફી ચુકવી હજુ ૧૫૦૦ જેટલા વાહનચાલકો નંબર પ્લેટ ફીટ કરાવવા માટે આવ્યા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## વધુ આવક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા મુસાફરોને સલામતી આપવાના મામલે પણ એસ ટી નિગમને કોઈ રસ નથી. ગત વર્ષ દરમિયાન ડેપો તંત્રએ શહેરી બસ સેવા તેમજ લગ્ન વર્ધી અને સરકારી કાર્યક્રમોને અનુલક્ષીને રૂ ૧૬.૨૩ કરોડની મોટી આવક કરી હતી. જયારે આ વર્ષે પણ ડેપો તંત્રએ રૂ ૧૬.૫૧ કરોડની તોતિંગ આવક કરી છે. જયારે ગત વર્ષની સાપેક્ષમાં ડેપોની આવકમાં ૫ ટકાનો વધારો થયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડેપાની આ આવકમાં શહેરી ૧૦૬ બસોનુ સંચાલન અન્વયે રોજની ૬૦૦ થી ૭૦૦ ટ્રીપો દોડાવામાં આવી રહી છે. આ ઉપરાંત લગ્નવર્ધી અને ખાસ કિસ્સામાં ફળવાતી એસ ટી બસો અન્વયે આવક વધી છે. ડેપો તંત્રને મોટી આવક થાય છે. ત્યારે એસ ટી બસની સુવિધા વધારવાની સાથે ડેપોમાં પણ જરૂરી સવલતો ઉભી કરાય તેવી લાગણી પણ આમ નાગરિકોમાં પ્રબળ બની છે.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"હેં...એ...એ..! એટલે કોંગ્રેસમાં જોડાશે..?!"

"કોંગ્રેસનો ચહેરો બનવા કોંગ્રેસમાં જોડાવું જરૂરી નથી..!! જુઓને હાર્દિક... જીજ્ઞેશ... યશવંતસિંહા... શત્રુઘ્નસિંહા... કિર્તિ આઝાદ.... વિગેરે વિગેરે..!! બાઉન્ડરીની બહાર રહીને બોલીંગ તો કરે જ છે ને..?!"

"અં...હં..! એટલે આ તો બધું ૧૯ની ચૂંટણીનું ધમાધમ છે... એમ જ ને ?!"

"તમારી વાતોમાં મઝા પડી ગઈ..!! હવે રોજ મળશો ને ?!"

"હા...હા... જેવી ઈચ્છા ને અનુકૂળતા..!!"

- નિમિત્ત માત્ર

## ઈશારે ચાલે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને ત્રણ કલાક સુધી ટોર્ચર કર્યું છે અને મારી વિરૂદ્ધ નિવેદન આપવા દબાણ કર્યું છે. મારા સમર્થકોને મારી વિરૂદ્ધ બોલવા દબાણ કરાઈ રહ્યું છે. ડો.તોગડિયાએ વધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ક્રાઈમબ્રાંચ દેશના લોકોને સીલેકટીવ વીડિયો બતાવી રહી છે, ૨૦૦૫માં પણ સંજય જોષીનો નકલી વીડિયો આ જ ક્રાઈમબ્રાંચમાં તૈયાર કરાયો હતો અને હવે આ જ ઈતિહાસનું પુનરાવર્તન કરી તોગડિયાને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. જે.કે.ભટ્ટે જ દિવાળીના દિવસે વીએચપીના પ્રદેશ મંત્રી અશ્વિન પટેલની સીએમના ઈશારે ખોટી ધરપકડ કરી હતી, આજે એ જ જે.કે.ભટ્ટ પ્રવીણ તોગડિયાની ઈજ્જત પર હાથ નાંખી રહ્યા છે, મારો સીધો આરોપ છે કે, તે સતત વડાપ્રધાનના સંપર્કમાં છે અને મારી રાજયના મુખ્યમંત્રી સમક્ષ માંગ છે કે, ભટ્ટના ફોનકોલ્સની ડિટેઈલ્સ જાહેર સાર્વત્રિક કરવામાં આવે.